# મહાશિવરાત્રી

# પરમાત્મા શિવના અવતરણની યાદગાર

# ધાર્મિક એકતા એવં સદ્ ભાવનાનો તહેવાર

ભારત એક બહુવિધ સાંસ્કૃતિક વારસો ધરાવતો આધ્યાત્મ પ્રધાન દેશ છે. જેમાં બધા જ ધર્મના તહેવારો ઉજવવામાં આવે છે. આ દરેક તહેવાર કોઇને કોઇ રૂપથી આધ્યાત્મિક સત્તા સાથ જોડાયલ છે. પરંતુ આજના આ વૈજ્ઞાનિક યુગમા તહવોરો હવ માત્ર ઔપચારિકતા માટ જ ઉજવવામા આવ છ તવે લાગી રહ્યુ છ . તહેવારો પાછળ છૂપાયેલ સત્યને બહાર લાવવાની આવશ્યકતા છ. જેથી આ સંસારમાં વ્યાપલે અજ્ઞાનતા અન તમોપ્રધાનતા દૂર થાય અને આજનો માણસ આપણી આધ્યાત્મિક ભાવના અને સભ્યતાને સાચી રીતે સમજી શકે.

પ્રતિ વર્ષ મહાશિવરાત્રીનું પર્વ ઘણી શ્રદ્ધા સાથે મનાવવામાં આવે છે. આ દિવસે પરમાત્મા શિવની આરાધના કરવામાં આવે છે. શિવલીંગ ઉપર બીલીપત્ર, ધતૂરો, દૂધ-પાણી અને ફળફૂલ ચઢાવવામાં આવે છે. ભક્તજનો અખાદ્ય પદાર્થો જેવા કે ભાંગ અને ગાજાનો પણ પ્રસાદરૂપમાં સ્વીકાર કરે છે. આ દિવસે શિવની શોભાયાત્રા પણ કાઢવામાં આવે છે. આ દિવસે ભક્તો વ્રત-ઉપવાસ કરે છે અને રાત્રે જાગરણ પણ કર છે.

**શિવલીંગ પરમાત્મા શિવની યાદગાર :-**

શિવ કોણ છે? શિવના માટે લીંગ અથવા જ્યોર્તિલીંગ શબ્દનો પ્રયોગ કેમ કરવામાં આવે છે? શિવની સાથે રાત્રીનો શું સબંધ છે? કૃષ્ણની સાથે અષ્ટમી અને રામની સાથે નોમની તીથિ જોડવામા આવ છે. પરંતુ શિવની સાથે રાત્રી જ કેમ જોડવામા આવી છે? કોઇ તીથિ કેમ જોડલે નથી? શિવની સાથે શાલીગ્રામ કોણ છે? અન્ય બધા દેવતાઓ પર સારા અને સ્વાદિષ્ટ પ્રસાદ ચઢાવવામાં આવે છે. પરંતુ શિવ પર આકડાના ફૂલો અને ધતૂરો જ કેમ ચઢાવવામાં આવે છે? કેમ શિવની મૂર્તિ શરીર રહિત છે પરંતુ શિવન વાહન નદી શરીરધારી કમ છ? વગેરે શિવરાત્રી સાથે જોડાયેલ પ્રશ્નો પર વિવકપૂર્વક અન યથાર્થ રીતથી ચિંતન કરવાની આવશ્યકતા છે. ત્યારે જ શિવરાત્રીના પર્વને યોગ્ય અને રીતે મનાવ્યું કહવાશે અને સસાર સાચી દિશા તો જ આપી શકાશ તમજ માનવે મનમાં ફેલાયેલ અજ્ઞાનતા અન તેમોગણી આસરી સુસ્કારોને શમન કરી શકાશ.

**શિવરાત્રી ધાર્મિક એકતાનો તહેવાર :-**

મહાશિવરાત્રીના સબંધમાં બધાથી અનોખી વાત એ છ કે તેનો સબધ નિરાકારી અન અશરીરી પરમાત્મા સાથે છે. જ્યારે બધા તહેવારો, પર્વો અથવા જયંતિઓનો દવેતાઓ, પૌરાણિક મહાપુરૂષોના જીવન સાથે સબંધ હોય છે. એટલે કે શિવરાત્રી પરમાત્મા શિવના આ પથ્વી પરના દિવ્ય અવતરણની યાદગાર છે. પરમાત્મા શિવ સામાન્ય મનુષ્યોની જેમ શરીરધારી નથી અને જન્મ મરણના બધંનોથી મક્ત છ. ગીતામાં ભગવાને આ સબધંમા કહ્યું છે કે જે મને મનષ્યોની જેમ જન્મ લેવાવાળો અને મરણ પામવાવાળો માન છે તે મૂઢમતિ છ.(અધ્યાય-૭ શ્લોક ૨૪,૨૫) ફરીથી તેઓ કહે છે કે મારા દિવ્ય જન્મના રહસ્યન ન મહર્ષિ, ન દેવતા જાણે છે. (અધ્યાય-૧૦ શ્લોક ૨) તેથી સ્પષ્ટ થાય છે કે પરમાત્મા પ્રકૃતિના તત્વોને આધિન કોઇ મનષ્યોની જેમ શરીરધારી નથી હોતા અને વિશ્વના બધા જ ધર્મના ધમપિતાઓએ પરમાત્માને અશરીરી અને જ્યોતિ સ્વરૂપ જ માન્યા છ. બધાએ કહ્યું છે કે હુ ઇશ્વર પુત્ર છુ અથવા પરમાત્માનો સદશવાહક છુ. કોઇએ એમ નથી કહ્યું ક હુ પરમાત્મા છું. ક્રાઇસ્ટે કહ્યુ ક ગોડ ઇઝ લાઇટ, ગુરૂનાનકે એક ઓમકાર...નિરાકાર કહ્યું છે. હજરત સાહેબે નૂર-એ-ઇલાહી એટલે કે ઇશ્વર પ્રકાશ સ્વરૂપ છે. મુસ્લિમો પણ મક્કામાં સગં-એ-અસ્વદ નામના પ્રતિકને ચૂમે છે. જાપાનમાં બૌધ્ધ લોકો જ્યોતિર્લિંગ જેવા પત્થરનું ધ્યાન કર છે. ભારતમાં પણ સનાતન ધર્મીઓ બાર જ્યોર્તિલિંગના રૂપમાં પૂજન કરે છે. આમ, જ્યોતિ સ્વરૂપ શિવ સર્વ ધમપિતાઓ અને દેવતાઓના એકમાત્ર સર્વ માન્ય પરમપિતા પરમાત્મા છે. તેથી જ શિવરાત્રી એ ધાર્મિક એકતા અને સદભાવનાનો તહવોર છે.

પાછળ

**શિવરાત્રી સૌથે રાત્રીનો સંબધ :-**

બધા જ ધર્મના અનુયાયીઓ માને છે ક પેરમાત્માન અવંતરણ પાપાચાર, અધર્મ અને અજ્ઞાનતાનો વિનાશ કરીને સત્યધર્મની સ્થાપના કરવાના મહાન કાયર્ના નિમિત્ત જ હોય છે. ગીતાના અધ્યાય -૪ શ્લોક-૭ અને ૮માં કહ્યા મજુબ જયાર ધેર્મની અતિ ગ્લાનિ થાય છે ત્યારે પરમાત્માને જન્મ લેવો પડે છે તેમ હાલ જો વર્તમાન સાંસારીક પરિદ્રશ્યનું અવલોકન કરીએ તો ચાર બાજુ ફેલાયલે કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર અને ભ્રષ્ટાચારમાં ગળાડૂબ સમાજનો અધર્મ અને ધમર્ગ્લાનિનો આ જ સમય છે અત્યારે ભ્રષ્ટાચાર એ શિષ્ટાચાર બની ગયો છે. આનાથી વધુ ધર્મગ્લાનિ બીજી કઇ હોય શકે? શિવની સાથે રાત્રિનો જે સંબધં છ તે ઘોર પાપાચાર અન વર્તમોન કળિયુગમા ંપરમાત્મા શિવના દિવ્ય અવતરણની યાદગાર છે. આમ પણ ભારત દર્શનમાં રાત્રિ શબ્દ એ અજ્ઞાનતા અને વિનાશકારીનો સૂચક છે. આમ પરમાત્મા શિવ અધર્મનો વિનાશ કરવા અને સત્ય ધર્મની સ્થાપના કરવા માટે એક સાધારણ વૃદ્ધ માનવીના તનમા ંઅવતરિત થાય છ. જેમનું નામ પરમાત્મા શિવના અવતરણ પછી પ્રજાપિતા બ્રહ્મા પડે છે. આમ પરમાત્મા શિવ સામાન્ય મનુષ્યની જેમ જન્મ લેતા નથી પરંત અવતરણ કર છે. તેથી તેવો અજન્મા અને નિરાકારી છે. આ બ્રહ્મા ભગવાન શિવનો ભાગ્યશાળી શરીરરૂપી રથ હોવાના કારણે ભાગીરથ અથવા શિવના નંદી તરીકે ઓળખાય છે. આમ શિવ નિરાકારી છે પરંત તુમેન વાહુંન નદી શરીંરધારી છ.

**શિવરાંત્રીનુ રૂંહસ્ય :-**

શિવરાત્રીના દિવસે ભકતજનો શિવલીંગ ઉપર બીલીપત્ર, ધતૂરો, દૂધ-પાણી અને ફળફૂલ ચઢાવે છે. રાત્રિ જાગરણ કરે છે તેમજ ઉપવાસ રાખ છે. વોસ્તવમાં પરમાત્મા શિવ પર યોગ્ય રૂપથી શૂં ચઢાવવ ુંજોઇએ અને કેવી રીતે વ્રતનું પાલન કરવ જોંઇએ તના આધ્યાત્મિક રહસ્યને સમજવાની જરૂર છે.

ધતુરો એ વિકાર, વેર અને નફરત- ધૃણાન ુંઅને બિલીપત્ર એ બરાઇઓન પ્રતિંક છ એટેલ આપેણ પરમાત્મા શિવ પર વિકાર, વિષય-વાસના તેમજ ખરાબ આદતો ચઢાવવી જોઇએ અર્થાંત તેનો ત્યાગ કરવો જોઇએ. ઉપવાસ એટલે ઉપરવાસ. પરમાત્મા શિવની સાથે સતત વાસ કરવો એટલે કે પરમાત્માને યાદ કરવા

રાત્રિ જાગરણનું આધ્યાત્મિક રહસ્ય છે કે, પરમાત્મા શિવના વર્તમાન સમયના અવતરણના સમયે આપણે આપણી આત્માની જ્યોતિ જગાવીએ, અજ્ઞાન નિંદ્રામાં ન રહીએ. શિવની બારાતનું રહસ્ય છે ક પેરમાત્મા શિવ મનુષ્ય આત્માઓને સૃષ્ટિના આદિ, મધ્ય, અંત, સૃષ્ટિચક્ર, કર્મોની યોગ્ય સમજ તેમજ ગહન ગતિન ુંજ્ઞાન આપીને પોતાના નિવાસસ્થાન પરમધામમાં લઇ જાય છે વાસ્તવમાં બહુરૂપી બારાત મનષ્યુના વિકૃત સૂક્ષ્મ સંસ્કારોના શાસ્રીય રૂપકનું ચિત્રણ છે એટલે ક શિંવરાત્રીન મહાંત્મ્ય અન આધ્યોત્મિક રહસ્યન યોગ્ય રેીત સમજીને મનાવવાથી જ બધા મનુષ્યાત્માઓ અને સંસારન કુંલ્યાણ થઇ શક છ.

**ઇશ્વરીયં સંદેશ:**

વર્તમાન તમોપ્રધાન ધમર્ગ્લાનિના સમયમાં નિરાકાર જયોર્તિબિંદુ સ્વરૂપ પરમપિતા શિવનું આ પથ્વૃી પર અવતરણ થયે ૭૫ વર્ષ થઇ ચુકયા છે. પરમાત્મા શિવ અનેક આધ્યાત્મિક રહસ્યોનો ઘટસ્ફોટ કરીને સત્ય ધર્મની સ્થાપનાનું દિવ્ય કર્તવ્ય કરી રહ્યા છે. એકબાજુ પુરાની પતિત દુનિયાના વિનાશ માટે મહાપ્રલયકારી અણશ્રુસ્ત્રોનો જમાવટો થઇ ચુકયો છે. તો બીજી બાજુ પ્રાકૃતિક શકિતઓ ઉગ્ર સ્વરૂપ ધારણ કરી રહી છે. ભૂકંપ, વાવાઝોડુ, જીવનરક્ષક પડ ઓઝોનનું ગાબડુ, તાપમાનમાં વૃદ્ધિ, મોસમમાં પરિવર્તન આ બધ ુપરાુની દુનિયાના અંતનો સ્પષ્ટ સંકતે કર છે. તેથી વર્તમાન સંગમયગુમા નિરાકાર પરમાત્મા શિવ તથા પોતાને યોગ્ય રીતે ઓળખીને નજીકના ભવિષ્યમાં આવનારી નવી સતયગુી દૈવી સતોપ્રધાન દુનિયામા પ્રંવશેવા પાવન પવિત્ર બનો અન તમોગણી સ્વભાવ અને સંસ્કારોનો ત્યાગ કરી પોતાના જીવનમાં તથા આ સષ્ટિમાં સત્યમ શિવમ સુંદરમના મગંલમય તત્વોનો સંચાર કરી સાચી શિવરાત્રિ ઉજવીએ. **00000000** - ઓમ શાંતિ

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઇશ્વરીય વિશ્વ વિદ્યાલય

*for More Articles visit at - **www.bkvarta.com** (Brahmakumaris First Hindi Web Portal)*

**- ब्रह्माकुमारीज् वार्ता फिचर्स**